## પુસ્તિકાના ક્રમ મુજબ પુસ્તકાલયમાં સભ્યપદ કેવી રીતે મેળવવું :

કિચનર જાહેર પુસ્તકાલયમાં આપનું સ્વાગત છે. હાલના એક સર્વેક્ષણ મુજબ કિચનરવાસીઓએ આ પુસ્તાકાલય ને ઉપલબ્ધ જાહેરસેવાઓ માં પ્રથમ ક્રમ આપ્યો હતો. અમે આ સમુદાયને જે સેવાઓ આપી શકીએ છીએ તેનો અમને ગર્વ છે.
આપ આખા પુસ્તકાલયના દરેક વિભાગમાં ફરી તેના સંગ્રહો, કાર્યક્રમો અને સેવાઓ થી પરિચિત થઇ શકો છો.
જો આપને કોઇ માહીતિ જોઇએ તો આપ પુસ્તકાલય ના કર્મચારીઓમાંથી કોઇને પણ પૂછી શકો છો. કોઇ પણ સામગ્રી બહાર લઇ જવા માટે આપને કિચનર પબ્લિક લાયબ્રેરીના માન્ય કાર્ડની જરુર પડશે.

**પુસ્તકાલયનાં કાર્ડ નિમ્નલિખિત વ્યક્તિઓ માટે વિના મૂલ્યે ઉપલબ્ધ છે:**

- કિચનર શહેરના બધા રહેવાસીઓ
- કિચનર શહેરમાં મિલક્ત અથવા ધંધો ધરાવનાર વ્યક્તિઓ

બાકીના બધાં જ વ્યક્તિઓએ તેઓ જ્યાં રહેતા હોય એ મુજબ નિયત શુલ્ક ભરી પ્રાદેશિક, ભિનનિવાસી અથવા મુલાકાતીનું કાર્ડ મેળવવાનું રહેશે.

૧૩ વર્ષથી વધુ ઉમરના બાળકોને તેમનું અલગ કાર્ડ મળશે અને તેને સાચવવાની જ્વાબદારી તેમની પોતાની રહેશે.

આપ જ્યારે કાર્ડ માટેની અરજી કરવા પુસ્તકાલય માં આવો ત્યારે વર્તમાન ઓળખ –પત્ર લઇને આવશો. જો આપ ઓળખ –પત્ર નહીં આપી શકો, તો અમે આપનું કાર્ડ ટપાલમાં મોકલી આપીશું.

## પુસ્તકાલય નો ઉપયોગ કેવી રીતે કરવો:

આપ કિચનર પબ્લિક લાયબ્રેરીની દરેક શાખામાં એક જ કાર્ડનો ઉપયોગ કરી શકશો. આપ જ્યારે પણ પુસ્તકાલયમાં આવો ત્યારે કાર્ડ સાથે લાવશો.

મોટાભાગની સામગ્રી આપ ૩ અઠવાડિયા સુધી રાખી શકશો. અમારા 'એક્સપ્રેસ– રીડ' પુસ્તકો, રમકડાં અને સામયિકો આપ ૧ અઠવાડિયા માટે રાખી શકશો. જે પુસ્તક માટે બીજા વાચકોએ માંગણી નહીં કરી હોય તે આપ જાતે, ફોન દ્વારા, અથવા ઇન્ટરનેટ દ્વારા એક વાર રિન્યુ કરાવી શકશો.

જો આપ પુસ્તકાલયની સામગ્રી સમયસર પરત કરો તો બીજા વાચકોને વધુ બહોળી પસંદગી મળે અને આપ દંડ ભરવામાંથી બચી શકો.

કે.પી.એલ.ની બધીજ શાખાઓમાં ૨૪ કલાક ખુલ્લા રહેતા સામગ્રી પરત કરવા માટેના સ્લોટ્સ (રિટર્ન– સ્લોટ્સ) છે. આ સ્લોટ દ્વારા આપ દરેક પ્રકારની સામગ્રી પરત કરી શકશો. આ સ્લોટ્સ દ્વારા પરત થયેલી સામગ્રી પુસ્તકાલય છેલ્લે જ્યારે ખુલ્લું હશે તે દિવસે પરત થયેલી ગણાશે.

જો આપે પુસ્તકાલયમાંથી વપરાશ માટે લીધેલી સામગ્રીના ઉપયોગનો નિર્ધારિત સમય પૂરો થઇ ગયો હશે તો પુસ્તકાલય આપને જાણ કરશે. આપનું સરનામું અથવા ટેલિફોન નંબર બદલાય તો અમને જાણ કરશો.

પુસ્તકોનું કાળજીપૂર્વક જતન કરો જેથી વધુ માં વધુ લોકો એનો લાભ લઇ શકે. આપના કાર્ડ પર વપરાશ માટે લેવાયેલી સામગ્રી ખોવાશે અથવા એને નુકસાન થશે, તો તેની જ્વાબદારી આપની રહેશે.

આપનું કાર્ડ ખોવાય અથવા ચોરાય તો અમને તરત જાણ કરો, કારણ કે કાર્ડ ખોવાયાની જાણ કરાયા સુધી કાર્ડ પર લેવાયેલી બધી સામગ્રીની જ્વાબદારી આપની રહેશે.

## આપનું પુસ્તકાલયનું ખાતું:

આપ આપના પુસ્તકાલયના ખાતામાં પૂરતી રકમ રાખો એ જરુરી છે નહીં તો આપ પુસ્તકાલયમાંથી સામગ્રી મેળવવાનો અધિકાર ગુમાવી દેશો. જો આપની પાસેથી પુસ્તકાલયની **૨૦ ડૉલર** કે તેથી વધુ રકમ લેણી હશે તો આપ પુસ્તકાલયમાંથી કોઇ સામગ્રી મેળવી શકશો નહીં. જો આપની પાસેથી પુસ્તકાલયની કોઇ પણ રકમ લેણી હશે તો આપ આપનું કાર્ડ રિન્યુ કરાવી શકશો નહીં.
જો આપની પાસેથી **૩૦ ડૉલર** કે તેથી વધુ રકમ લેણી હશે અને આપે અમારા પત્રોનો જ્વાબ નહીં આપ્યો હોય તો વસૂલી માટેની એજન્સીને આ બાબતે આપનો સંપર્ક સાધવાનું કહેવામાં આવશે.
જો આપ પુસ્તકાલયની સામગ્રી નિર્ધારિત સમય કરતા વધુ દિવસો માટે રાખશો તો દરેક વધારાના દિવસ માટે આપે નીચે મુજબ દંડ ભરવાનો રહેશે:

**પુસ્તકો:** ૨૦ સેંટ પ્રતિ દિન, વધુ માં વધુ ૬ ડોલર સુધી
**એક્સપ્રેસ– રીડ:** ૫ ડોલર પ્રતિ દિન, વધુ માં વધુ ૩૫ ડોલર સુધી
**બાળ–સાહિત્ય:** ૨૦ સેંટ પ્રતિ દિન, વધુ માં વધુ ૩ ડોલર સુધી
**નવલકથાઓ, સામયિકો, બોર્ડબુક્સ:** ૧૫ સેંટ પ્રતિ દિન, વધુ માં વધુ ૩ ડોલર સુધી
**કેસેટ અને સી.ડી.:** ૫૦ સેંટ પ્રતિ દિન, વધુ માં વધુ ૬ ડોલર સુધી
**વીડિયો, ડી.વી.ડી., અને સોફ્ટવેર:** ૨ ડોલર પ્રતિ દિન, વધુ માં વધુ ૨૪ ડોલર સુધી
**રમકડાં:** ૫૦ સેંટ પ્રતિ દિન, વધુ માં વધુ ૫ ડોલર સુધી

કોઇ પણ સામગ્રીને આરક્ષિત કરાવ્યા પછી આપ આરક્ષણ રદ નહીં કરાવો અથવા તે મેળવી નહીં લો, અથવા આપનાથી પુસ્તકાલયની સામગ્રી ખોવાશે કે એને નુકસાન થશે તો આપે નિયત રકમ ચૂકવવાની રહેશે.
ખોવાયેલા અથવા ચોરાયેલા કાર્ડની જગ્યાએ નવું કાર્ડ મેળવવા માટે ૨ ડોલર ભરવાના રહેશે.

KPL
KITCHENER PUBLIC LIBRARY

### અમારું ધ્યેય

કિચનર પબ્લિક લાયબ્રેરી આપણા સમાજને તેની જરુરિયાત મુજબના માહિતિના સ્રોતો અને માણી શકાય એવી કાલ્પનિક રચનાઓ સાથે જોડતું પ્રવેશદ્વાર અને માધ્યમ છે.

### સામાન્ય સમય

સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયા થી
મે ના છેલ્લા અઠવાડિયા સુધી

સોમવાર થી ગુરુવાર – સવારે ૯.૩૦ થી રાત્રે ૯.૦૦
શુક્રવાર – સવારે ૯.૩૦ થી સાંજે ૫.૦૦
શનિવાર– સવારે ૯.૦૦ થી સાંજે ૫.૩૦

થેંક્સ ગીવિંગ પછીના પહેલા રવિવાર થી વિક્ટોરિયા દિવસ પહેલાના રવિવાર સુધી **ફક્ત મુખ્ય પુસ્તકાલય** રવિવારીય સેવાઓ માટે બપોરે ૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી ખુલ્લું રહેશે.

### ઉનાળાનો સમય

જૂનના પહેલા અઠવાડિયા થી
ઓગસ્ટના છેલ્લા અઠવાડિયા સુધી

સોમવાર થી ગુરુવાર – સવારે ૯.૩૦ થી સાંજે ૮.૩૦
શુક્રવાર – સવારે ૯.૩૦ થી સાંજે ૫.૩૦
શનિવાર– સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦

**Gujarati Language Edition**
**Translation courtesy of *www.PremierFocus.com***

## કે.પી.એલ સ્થળોઃ

મુખ્ય પુસ્તકાલયઃ
૮૫ ક્વીન સ્ટ્રીટ નોર્થ, N2H 2H1
૭૪૩–૦૨૭૧

ફોરેસ્ટ હાઇટ્સ કમ્યુનિટી લાયબ્રેરી
૨૫૧ ફિશર–હોલમેન રોડ
૭૪૩–૦૬૪૪

પાયોનિયર પાર્ક કમ્યુનિટી લાયબ્રેરી
૧૫૦ પાયોનિયર ડ્રાઇવ
૭૪૮–૨૭૪૦

ગ્રાંડ રિવર સ્ટેનલી પાર્ક કમ્યુનિટી લાયબ્રેરી
૧૭૫ ઇંડિયન રોડ
૮૯૬–૧૭૩૬

## સંપર્ક

આપને પ્રશ્નો હોય તો અમારી ટેલિફોન માહીતિ સેવા 'ઇન્ફો લિંક' નં. ૭૪૩–૭૫૦૨ નો ઉપયોગ કરો અથવા અમારી ઇ–મેઇલ સેવા askus@kpl.org નો ઉપયોગ કરો.
ટી.ટી.વાય સેવા માટે ૭૪૩–૩૭૨૭ ડાયલ કરો.
સામાન્ય પૂછપરછ અથવા કોઇ નિશ્ચિત સ્થળ અથવા વિભાગ નો સંપર્ક સાધવા માટે ૭૪૩–૦૨૭૧ ઉપર ફોન કરો.
ટેલિફોન સેવાઓ રવિવારના દિવસે ઉપલબ્ધ નથી.
કે.પી.એલ. અને પુસ્તકાલયનું સૂચિપત્ર આપને www.kpl.org ઉપર ઉપલબ્ધ છે.
પી.સી.નો ઉપયોગ કરનારાઓ માટે ડાયલ–ઇન સેવા ૭૪૯–૦૩૭૧ ઉપર ઉપલબ્ધ છે. આપે લીધેલી સામગ્રી ફોન દ્વારા રિન્યુ કરવા *ટેલરિન્યુ* સેવા નં. ૮૮૬–૫૪૮૦ નો ઉપયોગ કરો.
પુસ્તકાલયમાં સશુલ્ક માહીતિ સંશોધન કેન્દ્રની સુવિધા છે, જે માટે *આઇ.ક્યૂ ઇન્ફોક્વેસ્ટ* નો સંપર્ક ૭૪૩–૦૨૭૧, એક્સ્ટંશન ૨૭૮ અથવા infoquest@kpl.org દ્વારા કરો.







MAIN LIBRARY
85 Queen Street North
743-0271




FOREST HEIGHTS
COMMUNITY LIBRARY
251Fischer-Hallman Road
743-0644




GRAND RIVER
STANLEY PARK
COMMUNITY LIBRARY
175 Indian Road
896-1736




PIONEER PARK
COMMUNITY LIBRARY
150 Pioneer Drive
748-2740




COUNTRY HILLS
LIBRARY
1500 Block Line Rd.
**(Opening fall 2004)**